ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૯(૧૩)(૫)ને બદલે વિનિયમ ક્રમાંક:"૯(૧૩)(૪)" સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૧૯/૧૧/૨૦૧૯

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૬/૦૯/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ.

(૨) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગરનો તા.૧૬/૧૧/૨૦૧૯નો પત્ર ક્રમાંક:મઉમશબ/શાનિ/૮૧૮૬.

**સુ ધા રો-**

શિક્ષણ વિભાગના સંદર્ભ (૧) સામે દર્શાવેલ તા.૧૬/૦૯/૨૦૧૯ના ઠરાવથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૯(૧૩)(૫)માં જરૂરી સુધારા કરવામાં આવેલ હતા. જેમાં શરતચૂકથી વિનિયમ ક્રમાંક:૯(૧૩)(૪)ના બદલે વિનિયમ ક્રમાંક:૯(૧૩)(૫) નો ઉલ્લેખ કરવામાં આવેલ હતો. જે અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંદર્ભ (૨) ના તા.૧૬/૧૧/૨૦૧૯ના પત્રથી જરૂરી સુધારો કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે ધ્યાને લઇ વિભાગના સંદર્ભ (૧) સામે દર્શાવેલ ઠરાવ અને તેની સાથેના સામેલ પત્રકમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક :"૯(૧૩)(૫)" ના બદલે વિનિયમ ક્રમાંક: "૯(૧૩)(૪)" વંચાણે લેવાનું ઠરાવવામાં આવે છે.

શિક્ષણ વિભાગના તા.૧૬/૦૯/૨૦૧૯ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ટી.એસ.પટેલ )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ-શાખા, ગ-૧-શાખા અને અપીલ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ મારફત)
- ના. સે. અ. સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

Srqlar 289

બોર્ડ
ના. ૨૭૫૧
21 NOV 2019
ઇનવર્ડ નંબર 2781

